
એક પગલું સ્વચ્છતા તરફ
સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)

સ્વચ્છ ગુજરાત
સ્વચ્છ ગામ, સ્વસ્થ ગામ

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

પ્રધાનમંત્રી
આવાસ યોજના-ગ્રામીણ

# પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)



ઈંટોના થાંભલા અને
કામલીનું પાકું ઘર


**કમિશનર ગ્રામ વિકાસ કચેરી**
બ્લોક નં ૧૬/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૫૩૪૬૯

# પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)

"વર્ષ ૨૦૨૨ સુધીમાં સૌને ઘર" હેતુથી માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અમલ માં આવેલ છે. આ યોજનાનું અનાવરણ માન. પ્રધાનમંત્રીના હસ્તે આગ્રા, ઉત્તરપ્રદેશ ખાતે ૨૦ નવેમ્બર ૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ત્રણ વર્ષમાં એક કરોડ મકાનો બનાવવાનો કેન્દ્ર સરકારનો લક્ષ્યાંક છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ગુજરાત રાજ્યના ગ્રામ્ય વિસ્તારના ૩,૯૩,૧૮૮ લાભાર્થીઓને આવાસ બાંધકામ માટે સહાય પૂરી પાડવામાં આવનાર છે. આ યોજનાનો મુખ્ય ધ્યેય રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં વસતા ઘરવિહોણા લાભાર્થીઓને તથા કાચા અને જર્જરિત મકાનોમાં રહેતા પરિવારોને પાયાની સુવિધાઓ સાથેનું પાકું આવાસ પુરૂ પાડવાનો છે. યોજના હેઠળ સામાજિક અને આર્થિક નોધણી અભ્યાસ-૨૦૧૧ માં નામ ધરાવતા લાભાર્થીઓને પાત્રતા ધરાવે છે અને તેઓને આવાસ બાંધકામની ઓનલાઈન મંજૂરી આવાસ સોફ્ટ પોર્ટલ મારફત આપવામાં આવે છે. આ યોજના કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો ૬૦:૪૦ નો હિસ્સો ધરાવે છે.

યોજના હેઠળ પાત્રતા ધરાવતાં લાભાર્થીઓને આવાસ બાંધકામ માટે સરકારશ્રી દ્વારા રૂ. ૧,૨૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે. કુલ સહાયમાં કેન્દ્ર હિસ્સાની સહાય રૂ ૭૨,૦૦૦/- અને રાજ્ય હિસ્સાની સહાય રૂ. ૪૮,૦૦૦/- નો સમાવેશ થાય છે. લાભાર્થીને સ્વચ્છ ભારત મિશન હેઠળ શૌચાલય બાંધકામ માટે રૂ ૧૨૦૦૦/- ની સહાય અને મનરેગા હેઠળ ૯૦ માનવદિનની રોજગારીની રૂ ૧૭૨૮૦/- ની સહાય પણ મળવાપાત્ર થાય છે.

### લાભાર્થીને મળતી સુવિધાઓ :

- લાભાર્થીને મકાન બાંધકામ માટે જરૂરી માલસામાન અને વસ્તુઓ ગુણવત્તાયુક્ત મળી રહે તે માટે સ્થાનિક સપ્લાયર્સ અને સખીમંડળો તેમજ રૂરલ સેનીટરી માર્ટ માંથી માલસામાન ખરીદી કરી શકાય છે. અને તેમાં વ્યાજબી ભાવે વસ્તુઓ ઉપલબ્ધ થતાં સરળતાથી મકાન બાંધકામ કરી શકે છે.
- સંબધિત તાલુકા પંચાયતના તાંત્રિક કર્મચારીઓ દ્વારા મકાન બાંધકામનું ટેકનીકલ માર્ગદર્શન પણ પુરૂ પાડવામાં આવે છે.
- જે લાભાર્થીઓ અશક્ત, અપંગ અને આંશિક વિકલાંગતા ધરાવતા હોય તેમજ વિધવા બેનો હોય તેને સરકારશ્રી દ્વારા આવાસ બાંધકામ માટે તમામ જરૂરી ટેકનીકલ સહાય પૂરી પાડવામાં આવશે અને તેવા લાભાર્થીઓનું આવાસ જે તે પંચાયત દ્વારા બનાવી આપવામાં આવશે.
- લાભાર્થીઓને આવાસ બાંધકામની ટેકનીકલ જાણકારી માટે સરકારશ્રી દ્વારા મેશન તાલીમો યોજવામાં આવે છે.

### પ્રધાન મંત્રી આવાસ યોજના ( ગ્રામીણ)

- લાભાર્થીની પસંદગી એસ.ઈ.સી.સી. ૨૦૧૧ ના ડેટા પ્રમાણે
- આવાસનું બાંધકામ ૨૫ ચો.મી.
- PMAY યોજના હેઠળ સહાયની રકમ: રૂ. ૧,૨૦,૦૦૦/-
- અન્ય યોજનાઓ સાથે સંકલનથી પાણી, વીજળી, રસ્તા વગેરે પ્રાથમિક સુવિધાઓ.
- આ યોજના હેઠળ જે તે વિસ્તારની ભૌગોલીક પરીસ્થિતીને અનુરૂપ મકાનનું બાંધકામ
- મોનીટરીંગ માટે અદ્યતન તકનીક - જીઓ ટેગીંગ અને મોબાઈલ ટેકનોલોજીનો ઉપયોગ.

### પી.એમ.એ.વાય. હેઠળ લાભાર્થીદીઠ મળવાપાત્ર સહાય

- યોજનાની મળવાપાત્ર સહાય : રૂ. ૧,૨૦,૦૦૦/-
- મનરેગા હેઠળ મળવાપાત્ર માનવદિનની રોજગારી : રૂ ૧૭,૨૮૦/-

- સ્વચ્છ ભારત મિશન યોજના હેઠળ આવાસદીઠ બનનાર શૌચાલયની સહાય: રૂ. ૧૨,૦૦૦/-
- કુલ સહાય :રૂ. ૧,૪૯,૨૮૦/-

## પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ લાભાર્થીને મળનાર નાણાંકીય સહાય

પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત લાભાર્થીઓને ૪ (ચાર) હપ્તામાં સહાય ની રકમ આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

- પ્રથમ હપ્તો રૂ. ૩૦,૦૦૦/- આવાસની વહીવટી મંજૂરીના હુકમ સાથે
- બીજો હપ્તો રૂ. ૫૦,૦૦૦/- આવાસનું બાંધકામ લિંટલ લેવલે અને શૌચાલય પૂર્ણ થયેથી
- ત્રીજો હપ્તો રૂ. ૩૦,૦૦૦/- આવાસનું બાંધકામ રૂફકાસ્ટ લેવલ પર હોય ત્યારે
- ચોથો હપ્તો રૂ. ૧૦,૦૦૦/- આવાસનું બાંધકામ પૂર્ણ થયેથી

## પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)

- **યોજનાની રૂપરેખા**

૧. આવાસનું બાંધકામ લાભાર્થીએ જાતે કરવાનું રહેશે. ખાતાકીય રાહે કે ઇજારદાર દ્વારા કરાવવાનું નથી.

૨. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)ના મકાનની ફાળવણી મહિલાઓના નામે કરવાને અગ્રતા આપવાની રહેશે. વિકલ્પે પતિ અને પત્નીના સંયુક્ત નામે ફાળવણી કરવામાં આવે છે.

૩. આ યોજનામાં પસંદગીનો ક્રમ નીચે મુજબ રહે છે.

પુનઃ સ્થાપન કરેલા બંધક (વેઠીયા) મજૂરોના કુટુંબોને પ્રથમ અગ્રતા આપવાની રહેશે. ત્યારબાદ નીચે મુજબ અગ્રતા આપવાની રહેશે:

(૧) વિધવા, છૂટાછેડા અપાયેલ અથવા તરછોડાયેલ સ્ત્રીઓ, અત્યાચારનો ભોગ બનેલી સ્ત્રીઓ અને જે કુટુંબના વડા સ્ત્રીઓ હોય તેવી કપરા સંજોગોમાં મુકાયેલી સ્ત્રીઓ.

(૨) માનસિક રીતે વિકલાંગ વ્યક્તિઓ (ઓછામાં ઓછી ૪૦% વિકલાંગતા ધરાવતી)

(૩) શારીરિક રીતે વિકલાંગ વ્યક્તિઓ (ઓછામાં ઓછા ૪૦% અશક્તતા ધરાવતી)

(૪) કિન્નર – વ્યંઢળ

૪. મકાન ઓછામાં ઓછી ૨૫ ચો.મી. જમીન પર બનાવવાનું રહેશે.

૫. લાભાર્થીને વહીવટી મંજૂરીના હુકમો મળ્યા તારીખથી એક વર્ષના સમયગાળામાં મકાનનું બાંધકામ પૂર્ણ કરવાનું રહે છે.

૬. લાભાર્થીને હપ્તાવાર રકમનું ચુકવણું ફંડ ટ્રાન્સફર ઓર્ડરથી તેમના ખાતામાં સીધું જ કરવામાં છે.

૭. લાભાર્થી પોતાની માલિકીની ખાનગી જમીન / પ્લોટમાં સરકાર દ્વારા ફાળવેલ મફત પ્લોટ અથવા રાહતદરે અપાયેલ પ્લોટમાં આવાસનું બાંધકામ કરી શકે છે.

૮. લાભાર્થીએ યોજનાની ગાઇડલાઇન માં નિર્દેશ કર્યા મુજબ પોતાના હાલના આવાસનો કે પોતાની માલિકીનાં પ્લોટનો ફોટોગ્રાફ, આવાસના બાંધકામ દરમ્યાન નો એટલેકે લીંટલ લેવલ અથવા રૂફ લેવલનો ફોટોગ્રાફ અને આવાસનું બાંધકામ પૂર્ણ થાય ત્યારે પૂર્ણ થયેલ આવાસનો ફોટોગ્રાફ એમ ત્રણ તબક્કાના ફોટોગ્રાફ આવાસ સોફટમાં અપલોડ કરવાના રહે છે. આ ફોટોગ્રાફ ઓનલાઈન કે ઓફલાઈન બંને રીતે અપલોડ કરી શકાય છે.

૯. આવાસ બાંધકામ માટે લાભાર્થી પોતાની પસંદગી મુજબ જિલ્લા માટે નિયત કરેલ ટાઈપ ડિઝાઈનમાંથી પસંદ કરેલ ટાઇપોલોજી ડિઝાઇન અનુસાર ઘર બનાવી શકશે. આ માટે ૪૪ પ્રકારની ટાઈપોલોજી ડિઝાઈન ટેકનિકલ કમિટી દ્વારા માન્ય કરેલ છે, જે જુદા જુદા વિસ્તારની સ્થાનિક આબોહવા, ભૌગોલિક પરિસ્થિતિ તેમજ સ્થાનિક લોકોની રુચિ, રહેણીકરણી, સામાજિક પ્રથા વગેરેને ધ્યાને લઇ બનાવવામાં આવેલ છે. લાભાર્થીએ રહેણાંક વિસ્તારને અનુરુપ ટાઇપોલોજી પસંદ કરીને મકાન બનાવવાનું રહે છે.

૧૦. આવાસમાં શૌચાલયની સુવિધા ફરજિયાત રાખવાની રહે છે. સ્વચ્છ ભારત મિશન/ મનરેગા યોજનાના કન્વર્જન્સ હેઠળ આ શૌચાલયનું બાંધકામ કરી શકાય છે.

## ટાઈપોલોજી મુજબ આવાસ બાંધકામ

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વર્ષ ૨૦૧૭-૧૮ હેઠળ આવાસ બાંધકામ ટાઈપ ડીઝાઇન મુજબ કરવામાં આવનાર છે. આ માટે રાજ્યને કુલ ૫ ઝોનમાં વિભાજિત કરવામાં આવેલ છે. જેમાં દરેક ઝોનવાર ૫ થી ૭ ડીઝાઇન નિયત કરવામાં આવેલ છે. કુલ ૫ ઝોનની ૪૪ પ્રકારની ટાઈપોલોજી ડીઝાઇનમાથી પોતાની પસંદગી મુજબ આવાસ બાંધકામ કરી કરી શકે છે. આ ડીઝાઇન અનુસરવાથી બનનાર આવાસો ટકાઉ, મજબૂત, અને ભૂકંપ પ્રતિરોધક બનશે. ટાઈપ ડીઝાઇનનો જુદા જુદા વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતી અને સ્થાનિક લોકોની રૂચિ, રહેણીકરણીને ધ્યાને લઈ બનાવવામાં આવેલ છે.

રાજ્યના ૫ ઝોન – કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર માટે ટાઈપ ડીઝાઇન નિયત થયેલ છે, જેમાં નીચેના જિલ્લાઓનો સમાવેશ થાય છે.

## પ્રધાનમંત્રી આવાસ યોજના ટાઈપોલોજી ઝોન

| ઝોન | નામ | જિલ્લા |
|---|---|---|
| એ | કચ્છ | કચ્છ અને બનાસકાંઠા |
| બી | ઉતર ગુજરાત | સાબરકાંઠા, અરવલ્લી, પાટણ અને મહેસાણા |
| સી | ભાલ અને મધ્ય ગુજરાત | અમદાવાદ, ગાંધીનગર, ખેડા, મહીસાગર, આણંદ અને વડોદરા, ભરૂચ |
| ડી | દક્ષિણ અને પૂર્વ ગુજરાત | વલસાડ, નવસારી, સુરત, ડાંગ, તાપી, નર્મદા, પંચમહાલ, દાહોદ અને છોટા ઉદેપુર |
| ઇ | સૌરાષ્ટ્ર ગુજરાત | જામનગર, જુનાગઢ, પોરબંદર, અમરેલી, રાજકોટ અને સુરેન્દ્રનગર, ભાવનગર, મોરબી, દેવભુમિ દ્વારકા, બોટાદ, અને ગીર સોમનાથ |



ઘરનો નકશો પ્રથમ એડવાન્સ હપ્તો | બીજા હપ્તાની કક્ષા | ત્રીજા હપ્તાની કક્ષા | આખરી હપ્તાની કક્ષા

:: વધુ માહિતી માટે સંપર્ક ::

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી / તાલુકા પંચાયત / ગ્રામ પંચાયત